RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.તા.૦૧/૦૭/૨૦૧૬
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી વિનોદ રામજીભાઈ પટેલ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ)

**ફરિયાદની હકીકત :**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ રામજીભાઈ પટેલની અરજી આઈ.ડી.નં.૬૧ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૦૨–૨૦૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૦૧–૦૧–૨૦૧૦ થી તા.૩૧–૦૧–૨૦૧૬ સુધી તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ અરજી તા.૦૭–૦૬–૨૦૧૬, નં.પી.ટી.આર.સી./૧૩૭, તા.૧૮–૦૬–૨૦૧૬

શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈ.ડી.નં.૬૧૨(મધ્યસ્થ કચેરી) તા. ૧૦–૦૨–૨૦૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૦૧–૦૧–૨૦૧૦ થી તા.૩૧–૦૧–૨૦૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ માહિતી આપવા બાબતે અરજીમાં માંગ્યા મુજબની માહિતીઓ આપી નથી કે માહિતી ન આપવા બાબત અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત પણ અમોને જણાવવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટ–૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધિત જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ ન હોવાનું વિગેરે કારણો જણાવી તા.૦૭–૦૬–૨૦૧૬ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે રપીલ અરજી કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ કચેરીના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સી/એફ.એ.પી./૪૪ તા.૧૪–૦૬–૨૦૧૬ થી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રે તા.૧૮–૦૬–૨૦૧૬ ના રોજ મળેલ છે. સદર અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીના માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાને લગભગ સવા બે મહિનાના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે. તથા વિલંબ અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવૌ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

અરજદારની આઈડી નં.૬૧૨ તા.૧૦–૦૨–૨૦૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૦૧–૦૧–૨૦૧૦ થી તા.૩૧–૦૧–૨૦૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરેમુદ્દા નં.૧ થી ૫ માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૨–૦૨–૨૦૧૬ થી નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને તથા લાગત ખાતાઓને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ તરફથી લાગત મુદ્દા માટે **પત્ર નં.પી.ટી.આર.સી./૩૬૪, તા.૨૬–૦૨–૨૦૧૬** થી નિયત સમયમર્યાદામાં **મુદ્દા નં.૧** બાબતે અત્રેના પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલમાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં સ્થાવર અકસ્યામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે. આથી આ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે તેઓની અરજી સદર જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે જ. તથા ગીફટ વિ.બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ માહિતી માંગવામાં આવેલ નથી. **મુદ્દાનં.૨** બાબતે અત્રેના પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલમાં જુનીયર એન્જી. ની સમકક્ષ, ડે.એન્જી.ની સમકક્ષ કેડર તથા કર્મચારી વર્ગ–૨ અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા કોઈપણ કર્મચારી ફરજ બજાવતાં નથી એવું જણાવવામાં આવેલ. ઉપરાંત **મુદ્દાનં.૩,૪ અને ૫** અત્રેના ખાતાને લાગત ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવું જણાવવામાં આવેલ છે.

(..૨..)

અરજદારે અપીલ તબકકે તેમની અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૦૨–૨૦૧૬ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર–પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ ધ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૧ અને ૨ ની અત્રેના ખાતામાં ઉપલબ્ધ સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ અને ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ ગ્રાહય ઉત્પન્ન થતું નથી.આમ,અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી, રપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૦૨–૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર–પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમાર્યદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોઈ, સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાના કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એન.જી.શેખ)
વ્યવસાયવેરા અધિકારી અને
અપીલ અધિકારી
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ
સુરત મહાનગરપાલિકા

નં.પી.ટી.આર.સી./૯૪
તા.૦૧–૦૭–૨૦૧૬

પ્રતિ,(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર–પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ.....જાણ માટે
(૨) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૨ તા. ૧૨–૦૮–૧૬
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી દિનેશભાઈ સી.ઠકકર

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ સી.ઠકકરની અરજી આઈ.ડી.નં.૭૨૯, તા.૩૦–૦૬–૨૦૧૬ થી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી તા.૦૬–૦૮–૨૦૧૬

મ હા શ ય,

ઉપરોકત વિષય/સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, અરજદાર શ્રી દિનેશભાઈ સી.ઠકકરની તા.૩૦–૦૬–૨૦૧૬ ની અરજીથી વ્યવસાયવેરા અંગે માંગવામાં આવેલ માહિતી બાબતે અંશતઃ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈને પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને કરવામાં આવેલ છે. પ્રથમ અપીલ અરજી પી.ટી.આર.સી./ઈનવર્ડ નં.૨૧૧, તા.૦૬–૦૮–૨૦૧૬ થી નોંધવામાં આવેલ છે.

અરજદારની તા.૩૦–૦૬–૨૦૧૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી(વેસ્ટ ઝોન) ના પત્ર નં.વેસ્ટ ઝોન/આર.ટી.આઈ./જાવક નં.૬૫૧, તા.૧૨–૦૭–૨૦૧૬, જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ના પત્ર નં.સાઉથ ઝોન / આર.ટી.આઈ.સેલ/૪૯૧, તા.૧૩–૦૭–૨૦૧૬, જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ના પત્ર નં.સી.ઝેડ./એસ.એન.ઈ./જાવક નં.૨૭૭, તા.૧૪–૦૭–૨૦૧૬, જાહેર માહિતી અધિકારી (સાઉથ ઈસ્ટ ઝોન) ના પત્ર નં.સા.ઈ.ઝોન/આ.નં.૫૩, તા.૧૯–૦૭–૨૦૧૬ અને જાહેર માહિતી અધિકારી (સાઉથ વેસ્ટ ઝોન) ના પત્ર નં.સા.વે.ઝોન/૬૩૯ તા.૧૯–૦૭–૨૦૧૬ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલને તબદીલ કરેલ હતી. જેના સંદર્ભે પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલના પત્ર નં.પી.ટી.આર.સી./૧૧૫, તા.૧૫–૦૭–૨૦૧૬ થી નિયત સમય અવધિમાં અત્રેને સ્પર્શતા મુદ્દાની માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે અરજદારને રૂા.૪૭૯૨/– ભરપાઈ કરવા જણાવવામાં આવેલ હતું. જે અંગે અરજદારે નારાજ થઈ તા.૦૬–૦૮–૨૦૧૬ થી અપીલ અરજી કરેલ છે. અરજદાર તરફથી અપીલ અરજીમાં આંકડાકીય માહિતીનો જ આગ્રહ રાખવામાં આવેલ છે. ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ ની કલમ – ૨૬(એ) હેઠળ ગુજરાત રાજય સરકારના જે જાહેર પરિપત્રના આધારે ૬૫ વર્ષ પુરા કરેલ જીવંત વ્યકિત / વ્યવસાયીને વ્યવસાયવેરા ભરવામાંથી મુકિત આપવામાં આવે છે તે મુજબ તમામ ઝોનના સને ૨૦૦૬–૦૭ થી સને ૨૦૧૫–૧૬ સુધીની અરજદારે માંગ્યા મુજબની આંકડાકીય માહિતી પુરી પાડવાની રહે છે.

(..૨..)

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ ની કલમ –૨૬(એ) હેઠળ ગુજરાત રાજય સરકારના જાહેર પરિપત્રના આધારે ૬૫ વર્ષની ઉંમર પછી વેરો ભરવામાંથી મુકિત મળે છે તેવા કરદાતાઓની સને ૨૦૦૬–૦૭ થી સને ૨૦૧૫–૧૬ સુધીની તમામ ઝોનોની આંકડાકીય માહિતી અરજદારને દિન–૭ માં આર.ટી.આઈ.એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવા જણાવવામાં આવે છે.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૧૪૦
તા.૧૨/૦૮/૨૦૧૬

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ......જાણ માટે

(૨) શ્રી દિનેશભાઈ સી.ઠકકર

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૩ તા. ૧૮ –૦૨–૧૭
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી હસમુખ આર. કટારીયા

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખ આર. કટારીયાની અરજી આઈ.ડી.નં.૪૩૦, તા.૨૬/૧૨/૨૦૧૬ થી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની અપીલ અરજી તા.૨૦–૦૧–૨૦૧૭
(૨)મ્યુ.કમિશ્નરશ્રી ના કચેરી હુકમ નં. જીએડી/ઈએસટી/૬૬૯૧, તા. ૧૬/૦૨/૨૦૧૭.

મ હા શ ય,

ઉપરોકત વિષય/સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, અરજદારશ્રી હસમુખ આર. કટારીયાની આઈડી નં. ૪૩૦, તા.૨૬/૧૨/૨૦૧૬ ની અરજીથી કર્મચારી શ્રી રણજીત ઠાકોરભાઈ પરમાર અંગે માંગવમામં આવેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈને પ્રથમ અપીલ અરજી અત્રેના વિભાગમાં કરવામાં આવેલ. આ અપીલ અરજી ટીઓસી/ઈનવર્ડ નં. ૩૫૨, તા.૨૦/૦૧/૨૦૧૭ નોંધવામાં આવેલ છે.

અરજદારની તા.૨૬/૧૨/૨૦૧૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં. સી/ આરટીઆઈ/૪૩૦, તા.૨૭/૧૨/૨૦૧૬ થી જકાત અમલદારશ્રી, જકાત વિભાગને તબદીલ કરેલ હતી. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીની હેસિયતથી જકાત વિભાગના ટીઓસી/૧૩૯, તા.૦૪/૦૧/૨૦૧૭ થી નિયત સમય અવધિમાં માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નારાજ થઈને તા.૨૦/૦૧/૨૦૧૭ થી અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ અરજી અન્વયે જકાત અમલદારશ્રીના પત્ર નં. ટીઓસી/૧૫૮, તા.૩૧/૦૧/૨૦૧૭ થી અરજદારને રૂબરૂ રજુઆત અંગે તા.૧૩/૦૨/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી સમક્ષ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ હતું.

અરજદાર તા.૧૩/૦૨/૨૦૧૭ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ ઉપસ્થિત રહયા હતાં. આ દરમ્યાન અપીલ અધિકારી તરફથી ગુજરાત રાજય સરકારશ્રીના તા. ૧૨/૦૯/૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંક કેવી/૨૪૫/૨૦૦૭/જકાત/૮૦૨૦૦૭/૧૯૬૩/ પી મુજબ તા. ૧૫/૧૧/૨૦૦૭ થી અમલમાં આવે તે રીતે જકાત બંધ કરવામાં આવતાં સદર કર્મચારીની ડે.કમિશ્નરશ્રી (પ અને ઈ)ના કચેરી હુકમ નં. જીએડી/ઈએસટી/૩૧૩૯, તા૧૨/૧૧/૨૦૦૭ થી સેન્ટ્રલ ઓફીસ ખાતે બદલી કરવામાં આવી હતી. કર્મચારીની બદલી થતાં કર્મચારીનો રેકોર્ડ જે તે ખાતામાં મોકલી આપવામાં આવે છે. જેથી સદર કર્મચારીની માંગવામાં આવેલ માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાનું અને કર્મચારી જે ખાતામાં નિવૃત થયેલ હોય તે ખાતામાંથી માહિતી મળી શકે એમ અરજદારને જણાવવામાં આવેલ હતું. અરજદાર આ બાબતે સમંત જણાયા હતાં. જાહેર માહિતી અધિકારીએ તેઓના કબજા/નિયંત્રણમાં જે માહિતી હોય તે અરજદારને પૂરી પાડવાની રહે છે. આ બાબતે અરદારને માર્ગદર્શન આપવામાં આવતાં તેઓએ સંતોષ વ્યકત કરેલ છે.

(..૨..)

## હુકમ

અરજદારની તા. ૦૨/૧૨/૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈ અનુસાર આપવા જોગ માહિતી પૂરી પાડેલ છે. તેથી અપીલ અરજી સંદર્ભે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે હુકમ મળ્યાના ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, સેકટર નં.૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને અપીલ કરવા હકદાર છો.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
જકાત અમલદાર

નં.ટી.ઓ.સી./૧૬૫
તા.૧૮/૦૨/૨૦૧૭

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– જકાત વિભાગ......જાણ માટે

(૨) શ્રી હસમુખ આર. કટારીયા

અપીલ અરજી નં.૪ તા.૨૮ –૦૩–૧૭
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ વાવીયા
સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ વાવીયા ની અરજી આઈ.ડી.નં.૧૧૪૩, તા.૧૮/૦૧/૨૦૧૭ થી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી તા.૦૩–૦૩–૨૦૧૭

મ હા શ ય,

ઉપરોકત વિષય/સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, અરજદારશ્રી કિશોરભાઈ ગોરધનભાઈ વાવીયા ની આઈડી નં. ૧૧૪૩, તા.૧૮/૦૧/૨૦૧૭ ની અરજીથી મિલકત વેરામાંથી ભાડુતનું નામ કમી કરાવવા માટે વ્યવસાયવેરાની રકમ બાકી હોય તો તેની રકમ ભરપાઈ કર્યા બાદ જ ભાડુતનું નામ કમી વ્યવસાયવેરાની કઈ કલમ હેઠળ કરી શકાય છે.

અરજદારે તા.૧૮/૦૧/૨૦૧૭ થી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી વસુલાત અધિકારી,વરાછા ઝોનને કરી હતી. જે અરજી પત્ર નં. ઈસ્ટઝોન/ આરટીઆઈ/૧૪૧૮, તા.૨૫/૦૧/૨૦૧૭ થી વ્યસાયવેરા અધિકારીશ્રી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ વિભાગને તબદીલ કરેલ હતી. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, વ્યવસાયવેરા વિભાગ ધ્વારા પીટીઆરસી/૩૩૮, તા.૧૦/૦૨/૨૦૧૭ થી નિયત સમય અવધિમાં માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નારાજ થઈને તા.૦૩/૦૩/૨૦૧૭ થી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારની અપીલ અરજી અન્વયે વ્યવસાયવેરા અધિકારીશ્રીના પત્ર નં. પીટીઆરસી/૩૭૧,તા.૧૦/૦૩/૨૦૧૭ થી અરજદારને રૂબરૂ રજુઆત અંગે તા.૨૦/૦૩/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી સમક્ષ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ હતું.

અરજદાર તા.૨૦/૦૩/૨૦૧૭ ના રોજ સાંજે ૩:૪૫ કલાકે અપીલ અધિકારી સમક્ષ ઉપસ્થિત રહયા હતાં. આ દરમ્યાન અપીલ અધિકારી તરફથી કરદાતા જે વિસ્તારમાં વ્યવસાય કરતો હોય તે વિસ્તારની ડેઝીગ્નેટેડઓથોરીટીને વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો હોય છે. નોંધાયેલ કરદાતા નિયત સમયમાં વેરાની રકમ ન ભરે તો જમીન મહેસુલ અધિનિયમ હેઠળ સત્તાધિકારી જમીન મહેસુલની બાકી તરીકે વેરો વસુલ કરી શકશે તેમજ જો કરદાતા વેરાની રકમ ડેઝીગ્નેટેડ ઓથોરીટીમાં જમા ના કરાવે તો સત્તાધિકારીને આવી બાકી લેણી રકમને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ–૧૮૭૯ હેઠળ કસુરવાર પાસેથી વસુલ કરવાની સત્તા છે. જરૂર જણાય તો બાકીદારના બેંક ખાતા ઉપર પણ ટાંચ કરી શકશે અને યોગ્ય કિસ્સામાં પ્રોસીકયુશન કેસ પણ દાખલ કરી શકે છે. એમ અરજદારને સમજણ આપવામાં આવી હતી.

તદઉપરાંત રાજય સરકારશ્રીએ સદર કાયદાના અસરકારક અમલીકરણ માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને મૂળભુત કાયદાઓની જોગવાઈઓ મુજબ એટલે કે ધી બીપીએમસી એકટ સને ૧૯૪૯ની કલમ ૧૨૭ની જોગવાઈઓ મુજબ સદર ટેક્ષ વસુલવાની તેમજ ટેક્ષની વસુલાત માટે કાયદાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરી શકાય છે. તે અંગેની અરજદારને સમજ આપવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈઓ મુજબ રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની હોય છે. અરજદારની મૂળ માહિતી માંગતી અરજીનાં સંદર્ભમાં કાયદાની જોગવાઈઓની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.સદર ટેક્ષના કાયદાના અમલીકરણ માટે જોગવાઈઓ સ્વંય સ્પષ્ટ છે. આમ, સમગ્ર હકીકતનું અવલોકન કરી નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

(..૨..)

## હુકમ

અરજદારની તા.૧૮/૦૧/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી, જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈ અનુસાર આપેલ માહિતી અને સદર કાયદાના અમલીકરણની જોગવાઈને ધ્યાને લેતા અરજદારની અરજી અંગે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે હુકમ મળ્યાના ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, સેકટર નં.૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને અપીલ કરવા હકદાર છો.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૩૯૫
તા.૨૮/૦૩/૨૦૧૭

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– જકાત વિભાગ......જાણ માટે
(૨) શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ વાવીયા